## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*દર વર્ષે પેદાશમાંથી પ્રિમિયમ ભરો છો ?*
*છતાં ય તમે પેન્શનની માંગ કેમ કરો છો ?*
*મારું આગવું, ને સરકારી તિજોરીમાં ભાગ -*
*'મોટા સમાજ' - ધાકે બામણીનું ખેત ચરો છો?*
*(દિલ્હી-ખેડૂત આંદોલન)*

**હાઈકુ**

*ઋણ લઈને,*
*પીધું ઘી, થયા મસ્ત -*
*માફી નું ત્રાગું !!*
*(દેવાં માફ કરો !!)*

*કર્યું વાવેતર*
*રોકડી ને ઈરાદે -*
*હવે, ઘો ટેકો !!*
*(સ્વચ્છંદી વાવણી)*

### ચિંતન

**યથા ચ પ્રાણાદિ ।**

ઉપરોક્ત સૂત્ર 'જીવનસૂત્ર'માંથી લેવામાં આવેલ છે.

પ્રાણ તથા ઈન્દ્રિયોનું ઉદાહરણ આપીને જણાવવામાં આવે છે કે મૃત્યુ વખતે પ્રાણ તથા ઈન્દ્રિયો સ્થૂળ શરીરને પરિત્યાગીને જીવાત્મા સાથે બહાર નીકળી જાય છે. અને અન્યત્ર વિદાય થાય છે ત્યારે એમનું અવલોકન નથી કરી શકાતું, તો પણ એમનું અસ્તિત્વ તો હોય છે જ. એવી રીતે પ્રલયકાળમાં અપ્રકટરૂપે રહેનારું જગત દેખાય નહિ તો પણ પોતાના કારણરૂપે રહે જ છે. સૂક્ષ્મપ્રાણનું અને અને ઈન્દ્રિયો સાથેના અન્ય પ્રયાણ કરતા જીવાત્માનું દર્શન જેવી રીતે સહેલાઈથી નથી કરી શકાતું તેવી રીતે પરમાત્માનું પણ સમજી લેવાનું ને પરમાત્મા જગતમાં ઓતપ્રોત હોવા છતાં સુસૂક્ષ્મ સહેલાઈથી દૃષ્ટિગોચર નથી થઈ શકતી.

ઈશ્વર છે જ આપણી સાચા હૃદયની પ્રાર્થના તરત જ (સાચી માગણીની) સાંભળે પણ છે અને કોઈ પણ સ્વરુપે આવી - હાજર થઈ રૂબરૂ મદદ પણ કરી જાય છે આપણી પાસે એને ઓળખવા - સમજવાની દૃષ્ટિ નથી.

### સુવિચાર

- તમે યેનકેન પ્રકારેણ ધનની અછત તો દૂર કરી શકશો પણ તમારા મનની અછત એ રીતે દૂર થવાની નથી - **પ્રેમ સુમેસરા**
- લાભની ગણતરીએ માણસ સંબંધ ને એકદમ કૃત્રિમ રીતે પકવી નાખે છે, પણ આ રીતે પકવેલા સંબંધમાં કોઈ સાચી મિઠાશ હોતી નથી - **મનહર મોદી**
- ઘણા લોકો 'જીવન' અન્યત્ર શોધે છે. તેઓ ઘર છોડીને ન જાય તો પણ માનસિક રીતે ભાંગી ચૂક્યા જ કહેવાય - **અખંડ આનંદ**
- બીજા માણસની પીડાને આપણા હૃદયમાં જગા આપવાથી આપણા હૃદયની શક્તી ઘટતી નથી, વધે છે - **શાહબુદ્દિન રાઠોડ**
- ઈશ્વરનાં શબ્દકોષમાં 'વ્યર્થ' એવો શબ્દ જ નથી - **ભૂપત વડોદરિયા**
- મુકાબલો કરવાની તમારી રીત ઉપર તમારા મનની એકંદર સ્વસ્થતા અને સુખશાંતિનો આધાર છે - **સ્નેહા પટેલ**
- આજનું ઔષધ : ફુદીના તથા કોથમીરના પાનની લીંબુ મીઠું ઉમેરી ચટનીની જેમ ભોજનમાં લેવાથી લાંબેગાળે ચરબી ઓગળે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જયાં વિરોધ અને વિવાદ હોય ત્યાં કદી બળનો ઉપયોગ ન કરવો. શક્ય એટલું હકારાત્મક વલણથી સામેના વ્યક્તિને પ્રેમથી વશ કરી શકો તો વિરોધ અને વિવાદ દૂર થઈ જશે. એકવાર બે ગામની વચ્ચે એક જ તળાવ હતું. બંને ગામના લોકો આ પાણીનો ઉપયોગ કરતા હતા. એકવાર વરસાદ ઓછો થયો, તળાવનું તળીયું દેખાયું એટલે બેય ગામના લોકો વચ્ચે તળાવ પર અધિકારના પ્રશ્નો વિવાદ ઊભો થયો. બંને ગામના લોકો એવું જતાવવા માગતા હતા કે આ પાણી તમે વાપરો છો તો એ અમારો અહેસાન છે. ધીમે ધીમે વાત તું તા થી માંડીને તલવારો સુધી પહોંચી ગઈ. એ વખતે એક સંત ત્યાંથી પસાર થયા. આ સંતની વાતોથી બંને ગામના લોકો પ્રભાવિત હતા. તેમણે ગામવાસીઓને ઝઘડાનું કારણ પૂછ્યું સાચુ કારણ જાણીને સંતે કહ્યું, 'આ તો ઝઘડો છે, પાણીની કિંમત શું છે.' લોકોએ કહ્યું, 'પાણીની કિંમત કઈ નથી,' સંતે કહ્યું, 'શું પાણી બધે જ વિનામૂલ્યે મળી શકે છે.' લોકોએ કહ્યું, 'ઈન્દ્ર દેવની મહેરબાની છે કે પાણી આપણને સૌને મફત મળે છે.' સંતે કહ્યું, 'તમને સૌને માનવજીવનના મૂલ્યની ખબર છે? જે અમણોલ છે. તો તમે શું અણમોલ જીવન પાણી માટે વેડફી નાખવા તૈયાર થયા છો ?' બંને ગામના લોકો સંતની વાત સાંભળી મૌન થઈ ગયા. સંતે સમજાવ્યું કે શત્રુ સાથે મિત્ર બનીને રહેવું એ જ સાચી કુશળથા છે. વેરને મૈત્રીથી જીતો. આવા સ્નેહભર્યા સંદેશાથી બંને ગામો વચ્ચેનો તળાવનો વિવાદ સમાપ્ત થઈ ગયો.

# શાંતિનું નોબેલ મેળવતાં મૂઠી ઊંચેરા માનવી

**તંત્રીસ્થાનેથી...**

૨૦૧૮ના વર્ષનું શાંતિ માટેનું નોબેલ પ્રાઈઝ યઝદી એક્ટિવિસ્ટ નાદિયા મુરાદ અને ગેંગરેપ પીડિતાઓને ઈલાજ કરનાર કોંગોના ડૉક્ટર ડેનિસ મુકવેગેને એનાયત થશે. ઈરાકમાં ઈસ્લામિક સ્ટેટના જુલ્મી ત્રાસવાદીઓ દ્વારા સેક્સ ગુલામ તરીકે અપહરણ કરાયેલી નાદિયા મુરાદે એ નરકાગારમાંથી છટક્યા પછી દુનિયાભરમાં ઈસ્લામિક સ્ટેટના રાક્ષસી ચહેરાનો નકાબ ખુલ્લો કરી દીધો હતો અને અમેરિકાના પ્રતિનિધિસભા (સંસદ) સમક્ષ પોતે તેમ જ પોતાની સાથે પકડી લવાયેલી સ્ત્રીનો પર કેવો પિશાચી વ્યવહાર કરાતો હતો એનો હૃદયદ્રાવક ચિતાર આપી આ નૃશંસ અત્યાચાર વિરુદ્ધ અવાજ બુલંદ કર્યો હતો. એણે આવા આતંકી સંગઠનને નેસ્તનાબૂદ કરવા અમેરિકા જેવી મહાસત્તાને દર્દભરી આરજૂ ગુજારી હતી. જાતે જ આઈએસઆઈએસના સૈનિકોની હવસખોરીનો ભોગ બનેલ આ મહિલાએ યૌન શોષણ વિરુદ્ધ ઉઠાવેલી વિશ્વવ્યાપી ઝુંબેશથી સ્ત્રીઓના અંગત જીવન સાથે એકવીસમી સદીમાં પણ કેવો ભય તોળાઈ રહ્યો છે એનો અહેસાસ થાય છે. નોબેલ નિર્ણાયકોને શાંતિ માટેના નોબેલ ઈનામ માટે યૌન શોષણ વિરુદ્ધ કાર્યાહી કરનારી આ જાંબાઝ મહિલાનું નામ સૌથી વધુ યોગ્ય લાગ્યું છે. એની સાથે જ દ. આફ્રિકાના કોંગોમાં ગાયનેકોલોજિસ્ટ તરીકે કાર્યરત ડૉ. ડેનિસ મુકવેગે ગેંગરેપ પીડિતાઓની સેવા સુશ્રૂષા કરનારા તબીબ તરીકે શાંતિના આ વૈશ્વિક પારિતોષિકના સહવિજેતા જાહેર થયા છે. સ્ત્રી એની કોમળતા અને શારીરિક સૌંદર્યને કારણે યુગોથી હવસખોર પુરુષજાતનો શિકાર બનતી રહી છે. સુસંસ્કૃત ગણાતા અને ધર્મ તથા નીતિના પાઠ શીખવતા ભારત જેવા દેશમાં પણ યૌન શોષણ કેટલી વિકૃત હદે વકર્યું છે તે સર્વવિદિત છે. સ્ત્રીને દેવી અને માતા કહી બિરદાવનારી પ્રજા કુમળી વયની બાળકીઓ સાથે દુષ્કર્મ કરતી રહે છે. આજે સ્ત્રી પુરુષ સમોવડી બની છે, એ ઘરકૂકડી થઈનો ગોંધાઈ રહેવા નથી માગતી. એને જોખમો ઉઠાવવાં ગમે છે. ગેંગરેપથી લઈ ઘરના જ અંગત સ્વજનો દ્વારા એનું યૌનશોષણ થતું રહે છે. દુનિયાભરમાં દરેક જગ્યાએ દરેક સ્ત્રીના માથે આવી લટકતી તલવાર જેવો ભય તોળાયેલો રહેતો હોય ત્યારે એ જઘન્ય ઘટના વિરુદ્ધ અવાજ ઉઠાવનાર - એનો ભોગ બન્યા પછી એવી બીજી સ્ત્રીઓની મૂક પીડા ઉજાગર કરનારા નાદિયા કે પિશાચી આનંદ ખાતર ગેંગરેપ કરી પીડિતાઓને રોડ પર રઝળતી કરનારાઓ સામે સીધો પડકાર નહીં ફેંકતા એવી દુખિયારી સ્ત્રીઓના ઉઝરડા પર આશ્વાસન અને નવી જિંદગી માટેના ઉમળકાનો લેપ લગાડનાર ડૉ. ડેનિસ જેવી હસ્તીઓને કારણે હજી જિંદગી જીવવા જેવી લાગે ઓછે. નોબેલનું શાંતિ પારિતોષિક કયારેક દક્ષિણ આફ્રિકામાંથી રંગભેદ સામે આજીવન લડત આપનારા નેલ્સન મંડેલાને મળ્યું હતું, કયારેક એ અમેરિકાના બ્લેક પ્રેસિડેન્ટ ઓબામાને એનાયત થયું હતું તો વળી એ પેલી પાકિસ્તાની છોકરી મલાલાને જીવના જોખમે સ્ત્રીઓના કેળવણીના અધિકાર માટેની ઝુંબેશ ચલાવનાર ઍક્ટિવિસ્ટ તરીકે અપાયું હતું. મધર ટેરેસાને કુષ્ઠ રોગીઓ સંદર્ભે સેવા કાર્યો માટે એનાયત થયેલ આ વિશ્વશાંતિ પુરસ્કાર યૌન શોષણ વિરુદ્ધ કાર્યરત ઍક્ટિવિસ્ટોને અપાઈ રહ્યું છે. એનો 'હરખ' જ કરવો રહ્યો.

# નવરાત્રિનું સારું આયોજન કે રોગથી બચાવશે

**તન દુરસ્તી**
મહેન્દ્ર ગજજર
ડૉ. દિનેશ રાઠોડ

આપણા બે પાત્રો... તમને વાચવામાં અને અમને લખવામાં મજા આવતી હોય તો કોઈપણ વાંધો નથી... પણ ન ગમતું હોય અને કંટાળો આવતો હોય તો અમને જણાવજો... અમે પાત્રો બદલવા પણ તૈયાર છીએ અને લખવાની પદ્ધતિમાં પણ ફેરફાર કરવા તૈયાર છીએ... પણ હા ભાઈ... એના માટે તમારે થોડી મહેનત કરવી પડે. અમારા સુધી તમારી ગમતી અથવા ન ગમતી વાત પહોંચાડવી જોઈએ... એ કેવી રીતે પહોંચે એ તમારે નક્કી કરવાનું છે, તમે વાચક મિત્રો હોંશિયાર છો.

બોલ મારી અંબે... જય જય અંબે... અરે ઓય કમુ ગાંડી થઈ ગઈ છે ? શું બોલે છે ? અરે શોભનાબેન હું કંઈ થોડી ગાંડી છું, ભલે હું ભણેલી નથી પણ ગણેલી તો છું. અને અત્યારે તો ભણતર બહુ વધી ગયું છે અને ગણતર ઘડવા માંડ્યું છે. લોકોએ મોટી મોટી ડીગ્રી હોય છે પણ અનુભવ અને કામની હોંશિયારી તરત જ પ્રશ્નનો ઉકેલ એવા છોકરાઓ નથી ને જાણે સમાજમાં શું થઈ ગયું છે. મોટા મોટા ક્વોલીફિકશનવાળા સાવ ડલ છે. અને એના હિસાબે જ સમાજને લાભ થવો જોઈએ તેવો લાભ થતો નથી. ધારો કે, એક કંપનીએ કોઈ કંપનીમાં સેક્રેટરી થવા તો કંપનીના મેનેજિંગ ડીરેક્ટર તરીકે કોઈ જાહેરાત આપી હોય કે અમારે ઉપરના ઉમેદવારોની જરૂર છે તો લાગતા – વળગતા તાત્કાલિક અરજી કરવી. સાહેબ... અરજીઓનો ઢગલો થઈ જાય, બહુ સારા ભણેલા છોકરાઓ આવે પણ તેમાં ગણેલા એટલે કે પ્રેક્ટિકલ એટલે કે પોતાના અભ્યાસનો કે ભણતરનો સાદો સીધો સરળ જવાબ નથી આપી શકતા એવું કામ પણ નથી કરી શકતા. પહેલાના જમાનામાં લોકો ભલભલા ગણિતના દાખલાનો એક જ સેકન્ડમાં જવાબ આપી દેતા. અત્યારે તો તમે નાનો દાખલો પણ કહો કે તો પેલો કોમ્પ્યુટર કાઢીને બેસશે. કહેવાનો મતલબ એ છે કે ભણવાની સાથે ગણવું બહુ જ જરૂરી હોય છે. કમુબેનને કંઈ પણ ખબર ન પડી. અરે શોભનાબેન તમે આ જે કંઈ બોલી ગયા એ મને તો કાંઈ જ ખબર ન પડી. શોભનાબેને માંડીને વાત કરી. મારો કહેવાનો મતલબ એમ છે કમુ... કે ભણવું તો જોઈએ જ. એ તો સમજણ પડી પણ ગણવું એટલે શું ? કમુએ કહ્યું એ મને સમજાવ એ મને સમજાયું નહીં. શોભનાબહેને કહ્યું જો કમુ કોઈપણ ડીગ્રી એટલે કે ડૉક્ટરની ડીગ્રી, એન્જિનીયરીંગની ડીગ્રી અને હવે તો જાત જાતની મોટી ડીગ્રીઓ નીકળી છે. જેમાં ડૉક્ટર અને એન્જિનીયર કરતાં પણ ખૂબ જ વધારે અને શાંતિથી લોકો પૈસા કમાય છે. હવે પૈસા કમાવવા માટે ડૉક્ટર કે એન્જિનીયર થવાની જરૂર નથી. હવે, એટલા બધા નવા અભ્યાસક્રમો ઉપલબ્ધ છે જેનાથી બહુ ઓછી મહેનતે ડૉક્ટર અને એન્જિનિયર કરતાં સારા પૈસા મળી શકે. પણ હા આપણી વાત હતી કે ગણવું એટલે શું ? પ્રેક્ટિકલ એટલે શું ? એટલે જો કમુ... કોઈપણ પ્રશ્ન જે ગમે તેટલો ગુંચવણ ભરેલો હોય તેને કોઈને પણ ખરાબ અસર ન થાય છતાં પણ સહેલાઈથી ઉકેલી શકાય તેને ગણવું કહેવાય. એનો મતલબ એવો થાય કે ઝડપથી થાય અને છી તકલીફથી થાય.

ઉદા. ધારો કે ક્લેક્ટર કોઈ ભાઈ બન્યો. ક્લેક્ટરનો હોદ્દો બહુ મોટો કહેવાય. ક્લેક્ટરને દરરોજ નવા નવા પ્રશ્નો આવતા હોય છે. હવે દરેક પ્રશ્નમાં એ પોતાનો અભ્યાસ પ્રમાણે કામ કરવા જાય તો તકલીફ પડે. પણ પ્રશ્નનો પ્રેક્ટિકલ ઉકેલ લાવે તો સહેલાઈથી પતે. કારણ કે ક્લેક્ટરને સરકારનું પણ સાચવવાનું હોય છે અને પ્રજાનું પણ સાચવવાનું હોય છે. એકતરફી કોઈને પણ ફાયદો થાય એવું ન કરી શકાય. જ્યારે અભ્યાસ એવું કહે છે કે એકને જ ફાયદો થાય. જ્યારે ગણવાનું એવું કહેવાય કે બંનેને ફાયદો થવો જોઈએ . જેથી સરકારનું કામ થાય અને પ્રજાનું પણ કામ થાય અને ક્લેક્ટરની વાહ વાહ થાય. કમુ તને ખબર છે વર્ષોથી ગાંધીનગરમાં બે-ત્રણ વર્ષે ક્લેક્ટર બદલાઈ જાય છે પણ અમુક જ ક્લેક્ટર લોકોને યાદ રહે છે. એનું કારણ શું ? કારણ એણે પ્રજાને સમજી હોય અને એ પ્રમાણે પોતાના ચૂકાદા આપ્યા હોય માટે. સારું પણ તું હમણાં જય... જય... અંબે કરતીતી એ શું હતું. અરે શોભનાબહેન કેમ ભુલી જાવ છો. રંગે ચંગે નવરાત્રિ આવે છે. હે આખું ગામ, આપણા બધા શહેરો, આપણું આખું રાજ્ય માતાજીની ભક્તિમાં ગરકાવ થઈ જશે. લોકો રાત્રે મોડા સુધી જાગીને માતાજીના ગરબા ગાઈને માતાજીની ભક્તિ કરીને આનંદ લેશે. નવરાત્રિ આમ તો માની ભક્તિ કરવાનો માટેનો છે. ગરબા એક પ્રકારની ભક્તિ છે. પણ એમાં તમારી શ્રદ્ધા હોય તો... ખાલી ડીસ્કો ગરબા કરવાથી મા રાજી નથી થતાં. હા... તમારું શરીરને કસરત મળે. બાકી માને એનાથી આનંદ ન જ થાય. એટલે આ પણ પ્રેક્ટિકલ છે. માની ભક્તિના સ્વરૂપે જો ગરબા ગવાય તો જ આપણને ફાયદો થાય છે. પણ શરીર સાચવ્યા પછી આ બધું થાય. જો શરીર ખરાબ થાય તો બધી વાત નક્કામી છે. અત્યારે વાતાવરણ ખૂબ જ ખરાબ છે. સ્વાઈન ફ્લુ, ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને હવે તો મેલેરિયા પણ ઉમેરાયો છે. એટલે આ બધા તત્ત્વોની સામે ઝઝૂમીને આપણે નવરાત્રિ ઉજવવાની છે. એટલે કે આપણું સાચવી પછી નવરાત્રિનો આનંદ લેવાનો છે. એટલે તમે જે નવરાત્રિમાં જવાના હોવ એટલે કે જ્યાં નવરાત્રિ થતી હોય ત્યાં જવાના હોવ ત્યાં ચોખ્ખાઈ છે કે નહીં, ખાણીપીણીની વસ્તુઓ સારી મળે છે કે નહીં તેનું ધ્યાન રાખવું. આયોજકો માની ભક્તિ કરીને લોકોને આનંદ કરાવે એ જ અગત્યનું છે. એટલે કે ગરબા ગાવા માટે સારા આયોજન થતાં હોય જ્યાં માનવ મેદનીમાં માણસની તંદુરસ્તીનો ખ્યાલ રાખતા હોય એવી જગ્યા પર ગરબા ગાવા માટે જવું જોઈએ અને ઉપરના બધા એટલે કે ખાસ કરીને સ્વાઈન ફ્લુ ખૂબ જ પ્રમાણમાં ચાલી રહ્યો છે ત્યારે સામાન્ય રીતે આવી બધી ભીડમાં ન જવું જોઈએ. કારણ કે જ્યાં વધારે પ્રમાણમાં લોકો ભેગા થાય ત્યાં સ્વાઈન ફ્લુ થવાની શક્યતા વધારે હોય છે. કમુબેનથી રહેવાયું નહીં... શોભનાબેન એવું કેમ ? જ્યાં વધારે

અનુસંધાન પાના નં ૭ પર

# કુલપતિ કનૈયાલાલ મુનશી ગુજરાતી એકાંકી સ્પર્ધાના ફાઈનલ : સાત એકાંકીઓની સમીક્ષા

**મોરપીંછના રંગ**
ડૉ. કનૈયાલાલ ભટ્ટ

ગુજરાતી રંગભૂમિએ ભારતીય સમાજને ઘડવામાં ખૂબ મોટું પ્રદાન કર્યું છે. જૂની રંગભૂમિથી શરું કરીને આજની અત્યાધુનિક રંગભૂમિ પર ભજવાતા શેરી નાટકો, ભવાઈ, એકાંકી ને નાટકો વગેરેએ આપણા સમાજની સંસ્કારિતાને ઘડી છે. આપણી સામાજિક સંવેદનાની માવજત કરી છે. પારસી નાટક મંડળીઓના પ્રભાવથી લઈને કેખુશરુ કાબરાજી, ડાહ્યાભાઈ, મૂલાણી, ખુરશેદજી મહેરવાનજી, બાપુલાલ નાયક, જયશંકર ''સુંદરી'', અશરફખાન, અમૃત કેશવ નાયક, પ્રભાશંકર ''રમણી'', ઉપેન્દ્ર ત્રિવેદી, પરેશ રાવલ અને અર્ચન ત્રિવેદી સુધીની પેઢીના કલાકારોએ ગુજરાતી રંગભૂમિનું ગૌરવ વધાર્યું છે.

ગુજરાતમાં હંમેશાં નાટકો લોકપ્રિય રહ્યા છે. પરિણામે પહેલેથી જ નાટ્યપ્રવૃત્તિઓ ધમધમતી રહી છે, એમાંય ખાસ કરીને આઈ.એન.ટી એકાંકી નાટ્ય સ્પર્ધા, ચિત્રલેખા નાટ્ય સ્પર્ધા અને હવે આ વર્ષથી શરું થયેલી કનૈયાલાલ મુનશી ગુજરાતી એકાંકી નાટ્ય સ્પર્ધા ખુબ જ મોટા બેનરોથી યોજાય છે. અને એમાં રજુ થતા નાટ્કોના કલાકારોને ખુબ મોટું સ્ટેજ અને મોટા મોટા દિગ્દર્શકોની નજરમાં આવવાની તક પણ મળતી હોય છે. કેમ કે આ સ્પર્ધાના નિર્ણાયકો રંગમંચ, ટી.વી અને ફિલ્મ ક્ષેત્રની જાણીતી હસ્તીઓ આવતી હોય છે.

હમણા જ અમદાવાદમાં ભારતીય વિદ્યાભવન દ્વારા કુલપતિ કનૈયાલાલ મુનશી ગુજરાતી એકાંકી નાટ્ય સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં કુલ ૩૫ નાટકોમાંથી સાત નાટકોની ફાઈનલ સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી. જે અદભુત નાટકો ભારતીય વિદ્યાભવન – અમદાવાદના રંગમંચ પર રજુ થયા હતા.

ઊર્ફે આલો :

શ્રી એચ.કે. આર્ટ્સ કૉલેજ દ્વારા મૌલિકરાજ શ્રીમાળી લિખિત અને દિગ્દર્શિત આ એકાંકી યુગોથી ચાલી આવતી અને સાંપ્રત સમયમાં પણ રાજનીતિ અને સમાજનીતિનો ભોગ બનેલી દલિતભાવના, પીડા પર આધારિત હતું. સમાજની ગંદકી સાફ કરતો, કચરા માસ્ટરની ચાલીમાં રહેતો દિનેશ વાઘેલા નામનો એક દલિત પ્રૌઢ ગટર સાફ કરતા ગટરમાં મૃત્યુ પામે છે. પુત્ર નિલેશ યુગોથી ચાલ્યું આવતું દલિતત્વ છોડવા ઈચ્છે છે અને સપના જુએ છે. વારસાગત આ કચરો સાફ કરવાની પ્રવૃત્તિથી તે મૂક્તિ ઈચ્છે છે પિતા પુત્રનો સંઘર્ષ, સવર્ણોની અનામતની રેલી વખતે દિનેશના મૃત્યુનું દૃશ્ય અને થતા હુલ્લડો, ગવાતા મરશિયા, ગટરમાં ઉતરવું એ સરહદ પર લડવા જવાથી સહેજેય ઓછું નથી. – જેવા માર્મિક સંવાદો, કથા અને દૃશ્યોની ગૂંથણી, સપનાને મરવા નહીં દેવાની વાત... આ બધુ ઉત્તમ રીતે રજુ થાય છે. પરંતુ આ એકાંકીમાં દલિત ભાવનાને થોડા આક્રોશ સાથે પ્રબળતાથી રજુ કરવામાં આવી હોવાથી એ એની સંવેદનશીલતાની અસર ઓછી કરી નાખે છે.

નિર્વાણ :

સાર્વજનિક કૉલેજ ઓફ પર્ફોમીંગ આર્ટ્સ – સુરતનું કપિલદેવ શુકલ દ્વારા લિખિત અને ત્વિષા શાહ દ્વારા દિગ્દર્શિત આ એકાંકી ભગવાન બુદ્ધની અંતિમ પળોમાં થતી પ્રેમની સ્વીકૃતિની કથા લઈને આવે છે. બુદ્ધના નિર્વાણ વખતે તેમના કેટલાક અનુયાયીઓ ગુપ્તધનનો ખજાનો શોધવાની ઈચ્છા રાખે છે. ત્યારે બુદ્ધ પોતાના એક યુવાન શિષ્ય ''અંબર''ને એના પ્રેમને પામવા માટે સંઘથી મૂક્તિ આપે છે. અંબરને સંસારમાં પાછો મોકલી પ્રેમની મહત્તાને સ્વીકૃતિ આપે છે. પરંતુ આ દરમિયાન અંબર અને વિપાશા વચ્ચે યોજાતા પ્રણયદૃશ્યો, બીજી તરફ નાટકનું અને બુદ્ધના જીવનનું શ્રેષ્ઠ દૃશ્ય – પોતાના જ ઘરને દ્વાર આવેલા ભિક્ષુક બુદ્ધને પત્ની યશોધરા દ્વારા પુછવામાં આવતા બે પ્રશ્નો – પરમ સત્યને પામવા આટલા બધા વર્ષો બગાડ્યા ? અને બુદ્ધનું બુદ્ધત્વ નિષ્ફળ જવાનો ભાવ, ઈશ્વરભક્તિ, પરમસત્ય, બ્રહ્મ આ બધાય કરતા સંસારમાં પ્રેમ જ સર્વ શ્રેષ્ઠ છે એનો બુદ્ધ અંતિમ પળોમાં સ્વીકાર કરે છે. કેમ કે તે પોતે ય પત્ની યશોધરાનો પ્રેમ સમજી શક્યા નહોતા. ખૂબ જ માર્મિક અને સાહિત્યિક સંવાદો, ભાષા, દૃશ્યોની સુંદરતા, પ્રકાશ આયોજન અને સંગીતની ગૂજતી સૂરાવલિઓ આ એકાંકીને અલૌકિક બનાવે છે.

પડઘાના પ્રતિબિંબ :

નારાણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એન્ડ અપલાઈડ સાયન્સિસ – નવસારી દ્વારા ડૉ. સ્વાતિ ધ્રૂવ નાયક લિખિત અને પ્રો. એકતા દેસાઈ દિગ્દર્શિત આ એકાંકી સ્ત્રી જીવનની માર્મિક સંવેદના રજુ કરે છે. એક જ ઓફિસમાં કામ કરતી બે સ્ત્રીઓ અને વાતચીતમાંથી ખૂલતી બન્નેના ઘરની અને જીવનની પરિસ્થિતિની કલાત્મક રજુઆત, એક તરફ સાગરિકા અને ક્ષિતિજનું કાલ્પનિક સુખી ગૃહજીવન અને બીજી તરફ ઝરણા અને આલોકનું કંકાશી ગૃહજીવન. જીવનમાં બધુ જ ગૂમાવી ચૂકેલી સાગરિકા ઝરણાના જીવનમાં નવા પ્રાણ ફૂંકે છે અને તેને જીવન જીવવાની નવી દૃષ્ટિ આપે છે. પરંતુ પોતાની અંગત પીડા, પતિ ક્ષિતિજની આત્મહત્યા, પોતે કરેલી ભૂલ – પસ્તાવારૂપે બધુ ભૂલીને સકારાત્મક રીતે જીવાતું જીવન પ્રેરણાદાયી બને છે, એકની પાસે કશુ જ નથી છતાંય બધુ જ છે એમ જીવે છે અને બીજી પાસે બધુ જ છે છતાંય જાણે કશુ જ નથી એમ જીવે છે. જીવનને જુદા જ દૃષ્ટિકોણથી સમજાવતું આ એકાંકી એની ઉત્તમ રીતે રજુ થાય છે. ઉત્તમ અભિનય, સંગીત, લાઈટ અને પ્રેરણાત્મક સંવાદોથી ભરપુર આ એકાંકી સ્ત્રી જીવનની માર્મિક સંવેદના રજુ કરવામાં સફળ રહે છે.

લોહીની સગાઈ :

ભાવનગરની ''પ્રયાસ'' સંસ્થા દ્વારા નિર્મિત, ઈશ્વર પેટલીકરની વાર્તા '' લોહીની સગાઈ'' પર આધારિત આ એકાંકી મૂળ વાર્તાની કથા જાળવી રાખે છે. મા અમરતકાકી અને પાગલ નાની દીકરી મંગુ વચ્ચેના અતૂટ સંબંધની સંવેદનાત્મક વાતને કલાકારોએ જીવંત રીતે રજુ કરીને દરેક ઘટનાઓને એકદમ યથાર્થ રીતે પ્રસ્તુત કરાઈ. આજથી પચાસેક વર્ષ પહેલાનો ગ્રામસમાજ, એની તળપદી બોલી, પહેરવેશ, લોકબોલી બધુ જ આબેહૂબ રજુ થાય છે. મંગુનું પાત્ર ખુબ જ અસરકારક, ગીતોના પ્રયોગો ભાવસભર રહ્યા, નાટકના અંતિમ દૃશ્યમાં મા દીકરીના બે સ્વરૂપો (ડબલરોલ) સ્ટેજ ઉપર રજુ કરીને સૌ કોઈ પ્રક્ષકોને આશ્ચર્યજનક રીતે એકદમ ચોકાવી દીધા હતા. ભાવસભર ગીતોના પ્રયોગો, એના કમ્પોજીશનો અને પ્રત્યેક પાત્ર ઉપર થયેલું ઝીણું ઝીણું નકશીકામ આ એકાંકીને ફિલ્મ કક્ષાએ લઈ જાય છે. કથાની માર્મિકતાની એટલી જ સાહજિકતાથી રજુઆત અભિનયથી જીવાતા જીવનની વાસ્તવિક ભૂમિ પર સૌ પ્રેક્ષકોને ખેંચી જાય છે.

રક્તચિત્કાર :

જયઘોષ થીયેટર નવસારી દ્વારા પ્રસ્તુત હેમલ ભટ્ટ લિખિત અને દીપેન ભટ્ટ દિગ્દર્શિત આ એકાંકી સામાન્ય પરિવારની અસામાન્ય ઘટના લઈને આવે છે. નાટકનો આરંભ જ નાટ્યાત્મક રીતે થાય છે. કથાવસ્તુના કેટલાક તંતુઓ સામાન્ય સ્તર પર આલેખાય છે. થોડા અસંગત પણ લાગે છે. ભાઈ ભાભી બહાર જાય ત્યારે નાનો યુવાન ભાઈ યોગેશ ( ચાચુ ) રાત્રે બે યુવાન મિત્રોને ઘરમાં આવવા દે, પોતે જાણે છે કે બન્ને મિત્રો રાત્રે શરાબ પી શકે છે છતાંય યોગેશ સુઈ જાય, જુહી ઉપર બળાત્કાર થાય, આ બધી અસંગત ઘટનાઓ જણાય છે. પરંતુ એની રજુઆત એકદમ સુંદર રહી. જુહીનું પાત્ર અદભુત રીતે રજુ થયું. પોલીશ અને ઈન્સપેક્ટરના પાત્રો સાવ નબળા, ઉચ્ચારો પણ અશુદ્ધ, જુહી પર બળાત્કારનું દૃશ્ય – ઢીંગલીને પીંખીને પ્રતીકાત્મક રીતે ખુબ જ સરસ રીતે ભજવાયું, આખી ઘટના ખુબ જ સામાન્ય રહી, અંતમાં પણ કોઈ નવીનતા નહોતી. આ નાટ્યલેખનમાં ઘણું કામ થઈ શકે એમ છે.

તાજા કલમ :

થીયેટર એન્ડ મીડિયા સેન્ટર, અમદાવાદ દ્વારા નૈષધ પુરાણી લિખિત અને અંકિત પટેલ દિગ્દર્શિત આ એકાંકીનો આરંભ નબળો, શરુઆતમાં જ અંધારે સીન ભજવાતા પ્રેક્ષકો સાથેનું અનુસંધાન ગુમાવી દે છે. નાયક પ્રેયસી મિતાલીમાં પત્ની તરલિકાને શોધે છે. સેટ સામાન્ય હોવા છતાંય બે દૃશ્યો બદલતા વધું સમય લાગે છે. પત્નીમાં પ્રેયસીને જોનાર પતિ ઘર

અનુસંધાન પાના નં ૭ પર

# અકેલે હૈ....તો ક્યાં ગમ હૈ!

**રઝળપાટ**
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

'અલા કે અલી કેટલા વરહ થયા?'... 'જી ૨૮'... 'ને હજુ ક્યાય મેળ નથી પડ્યો ? આમ ને આમ વાંઢા જ વિદાય લેવાનો ઈરાદો છે કે શું? પરણી જા....' આમ તો આમાં ૨૮ વરહ વધારે લખી નાખ્યા. સમાજ ના અઘોષિત જીવનસાથી પસંદગી મેળો ચલાવતા લોકો તો છોકરીઓ ૧૯ ને અને છોકરાઓ ૨૨-૨૩ ને ટપે એટલે ચોકઠાં ગોઠવવાની વેતરણમાં પડ્યા જ હોય...! ઘરમાં ના હોય એટલું પરણવાનું પ્રેશર બહારના આપી જતા હોય છે અને આ પ્રેશરમાં ને પ્રેશરમાં કેટલાયના ચોકઠાં ઉતાવળમાં એવા આડેધડ ગોઠવાય ને પછી આખી જિંદગી લોક થઈ જતા હોય છે કે ઉમ્રભર અપને હી ઘર મેં ઘબરાયે ઘબરાયે ફિરતે હૈ બચાડે..! લેકિન...કિન્તુ...પરંતુ જમાના બદલ ચુકા હૈ અને હવે પરણવાલાયક ઉમેદવારો પણ તેલ જુઓ અને તેલની ધાર જુઓ એ રીતે શક્ય એટલું સિંગલ રહેતા થઈ ચુક્યા છે. નો ડાઉટ આ સીન્ગલીયો ટ્રેન્ડ હજુ લઘુમતીમાં છે અને એને એટલીસ્ટ ભારતમાં બહુમતીમાં આવતા તો હજુ એકાદ સદી થઈ જશે પણ બીઈંગ સિંગલ ઈઝ ઈન્ધીંગ રાઈટ નાઊઊઊઊવ...!

એક અતિ પ્રાચીન જોક મુજબ અપરણિત કે સિંગલ રહેવાનો સૌથી મોટો ફાયદો કયો ?...તો કહે કે પલંગની બંને બાજુથી ઉતરી શકાય...! સિંગલ રહેવાના ફાયદા ચ ફાયદા છે. એક ચોખવટ : એનો અર્થ એ નથી કે પરણવાના નુકશાન જ નુકશાન છે (ચોખવટ પૂરી!). પણ ધ ટોપિક